# સે-૧૫ મતગણતરી કેન્દ્ર બહાર કાર્યકરો ઉમટી પડ્યા





ગાંધીનગર, તા.૮
ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપની ઐતિહાસીક જીત થઈ છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની પણ પાંચ વિધાનસભા બેઠક પર કમળ ખીલી ઉઠ્યું છે. ત્યારે શહેરના સેકટર-૧૫ સરકારી વિનયન કોલેજ ખાતે મતગણતરી કેન્દ્ર બહાર કાર્યકરો ઢોલનગારાના તાલે ગુલાલની છોળો ઉડાડી નાચતા નજરે પડ્યા હતા. જયારે સેકટર-૧૫ કોલેજ બહારના માર્ગો ગુલાલમય બની ગયા હતા.

શહેરના સેકટર-૧૫ ખાતે મતગણતરી કેન્દ્ર બહાર વહેલી સવાર થી જ ધીમેધીમે કાર્યકરો આવવાની શરુઆત થઈ ગઈ હતી. સમગ્ર રાજય સહિત ગાંધીનગરમાં પણ ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખીયો જંગ હતો. ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર ઉત્તર, દક્ષિણ, કલોલ,માણસા અને દહેગામની મતગણતરી એક જ સ્થળે હોવાથી પક્ષના આગેવાનો, હોદેદારો, ટેકેદારો સહિત કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા.જયારે ગ-૩ થી ગ-૫ તરફનો માર્ગ પર બંધ કરી દેવામાં આવ્યો હતો. જયારે મતગણતરી કેન્દ્રની અંદર અને બહાર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જયારે મતગણતરી કેન્દ્ર થી લાઉડ સ્પીકરમાં કયા ઉમેદવાર કેટલા વોટ થી આગળ છે તેવી માહિતી આવતા કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળતુ હતું. જેથી કાર્યકરો ઢોલ-નગારા અને ગુલાલની છોળો ઉડાડતા નજરે પડતા હતા.

જયારે મતગણતરી કેન્દ્ર બહાર વિજેતા ઉમેદવાર આવતા જ કાર્યકરો ખુશીથી ઝુમી ઉઠીને ખભ્ભે બેસાડયા હતા. જયારે એક પછી એક જિલ્લાની પાંચેય બેઠક પર કમળ ખીલતા અને સમગ્ર રાજયમાં ભાજપની ઐતિહાસીક જીત થતા જ અન્ય કાર્યકરોમાં સોંપો પડી ગયો હતો.જયારે હારેલા ઉમેદવારોના કાર્યકરો તેમજ ટેકેદારો ધીમેધીમે મતગણતરી કેન્દ્રથી નીકળી ગયા હતા. વિજેતા ઉમેદવારો ખુલ્લી જીપમાં કાર્યકરો સાથે વાગતા ઢોલે પોતાના મતવિસ્તારમાં આવેલા કાર્યાલય પર ગયા હતા. જયારે ગુલાલની છોળો ઉડતા મતગણતરી કેન્દ્ર બહાર માર્ગો પણ ગુલાલમય બની ગયા હતા. જયારે પાંચ બેઠકો પર કમળ ખીલતા જ કાર્યકરોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતું.

## ખૂણેખાંચરેથી

●આજે મતગણતરી સવારના ૮ વાગ્યાથી શરૂ થતી હોવાથી ચાની લારીઓ પર ઘરાકી જોર જામી હતી.

●મતગણતરી દરમ્યાન ગાંધીનગર (દ)માં એક ઈ.વી.એમ.માં સામાન્ય ટેકનીકલ ક્ષતિ જણાતાં ઈજનેરને બોલાવી ગણતરી આગળ ધપાવવામાં આવી હતી.

●આજે મતગણતરીના પરિણામ જાણવા લોકોની ભીડ પણ કેન્દ્ર પર વધુ જણાઈ હતી.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે લગ્નસરા સિઝન પણ પૂરબહારમાં ખીલી હતી.

●ઘ-રોડ પર વધતા જતા ટ્રાફિકભારણને લઈ અન્ડરપાસ નજીક ટ્રાફિક પોઈંટ બનાવાય તેવી લોકોની લાગણી છે.

●ગાંધીનગરમાં પરિણામો જાહેર થતાં જ નવી સરકારના ગઠનને લઈ સામાન્ય વહિવટ વિભાગે તૈયારીઓ આરંભી દીધી છે.

●ગાંધીનગર (દ) અને ગાંધીનગર (ઉ) બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ પોષ્ટલ બેલેટમાં સરસાઈ મેળવી હતી.

●ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણી વેગીલી બની છે.

●શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

●ગાંધીનગર શહેરમાં ૨૪ લોકોને અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આવરી લેવાયા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમને તો પુરો વિશ્વાસ હતો... પરંતુ વિરોધીઓને પ્રમાણ આપવા જીતવુ પડ્યુ...!!!

## ગાંધીનગરની પ્રેમાળ જનતા અને સહયોગીઓનો આભાર : મુકેશ પટેલ

ગાંધીનગર તા. ૦૮
ગાંધીનગર ઉત્તર વિધાનસભા ચૂંટણીઓમાં જનતાએ આપેલા જનાદેશનો અમે હૃદયપૂર્વક સ્વીકાર કરીએ છીએ અને અગાઉની જેમ જ જનતાની સેવામાં સતત ખડે પગે રહીશું અને પ્રજાના પ્રશ્નોને વાચા આપતા રહીશું" તેવું જણાવતા આમ આદમી પાર્ટીના ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ઉમેદવાર મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે "સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટીને ૪૦ લાખથી વધુ મતના આશીર્વાદ આપવા બદલ ગુજરાતની જનતાનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું અને જનતાના આશીર્વાદને કારણે આજે આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી તરીકેની માન્યતા મેળવવા હકદાર બની છે તે બદલ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પાર્ટીના તમામ નેતાગણ તેમજ કાર્યકરોને અભિનંદન સાથે અનેક શુભેચ્છાઓ પાઠવું છું. આ ચૂંટણીઓ દરમ્યાન ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક મતવિસ્તારની જનતાએ આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે મને તન, મનથી સહયોગ આપ્યો છે તે બદલ તમામ મતદારોનો હું ઋણી છું આ સાથે સમગ્ર પ્રચાર અભિયાન દરમિયાન મને સહયોગ આપનાર આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તાઓ, યુવાનો, સગા સંબંધીઓ, પરિચિતો, સ્નેહીજનો, શુભચિંતકો, પ્રેસ-મીડિયાના મિત્રો, આગેવાનો, નાનામાં નાની મદદ કરનાર સૌ કોઈ સહિત આટલો પ્રેમ અને મત આપનાર ગાંધીનગર ઉત્તર બેઠક મત વિસ્તારની પ્રેમાળ જનતાનો ખુબ ખુબ આભાર." આ સાથે તેમણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જીતેલા તમામ વિજેતા ઉમેદવારોને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જીત્યા બાદ રીટાબેન પટેલ વરદાયીની માતાના આશીર્વાદ લેવા પહોંચ્યાં

### કોલવડા અને પોતાના વતન ધાનોટ ખાતે દર્શન કર્યા બાદ જ ઘરે પરત ફર્યા







ગાંધીનગર તા.૦૮
ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર પૂર્વ મેયર રીટાબેન પટેલ વિજય બન્યા હતા. ભવ્ય અને ઐતિહાસિક જીત બાદ સેકટર-૧૬માં તેમના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખાતે રીટાબેન પટેલનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં તેમણે કાર્યકરોને સંબોધીને તેમનો આભાર માન્યો હતો. આ સંબોધનમાં રીટાબેન પટેલે ગાંધીનગર ઉત્તર બેઠક મત વિસ્તારના મતદારોનો પણ આભાર માન્યો હતો. અભિવાદન કાર્યક્રમ બાદ રીટાબેન પટેલ તુરંત જ કોલવડા રવાના થયા હતા જ્યાં તેમણે શ્રી રામજી મંદિર અને શ્રી લાલઘરમાતાના મંદિરે દર્શન કર્યા હતા આ પછી તેઓ રૂપાલ પહોંચ્યા હતા જ્યાં તેમણે ગાંધીનગર જિલ્લાના સુપ્રસિદ્ધ ઐતિહાસિક શ્રી વરદાયીની માતાના મંદિરે દર્શન કરી માતાના આશીર્વાદ મેળવ્યા હતાં. અહીં પણ રીટાબેન પટેલે કાર્યકરોનું અભિવાદન ઝીલ્યું હતુ અને ત્યારબાદ તેઓ પોતાના વતન કડી તાલુકાના ધાનોટ ખાતે પહોંચ્યા હતા જ્યાં તેમણે શ્રી મહાકાળી માતાના દર્શન કર્યા હતા આ પછી જ તેઓ પોતાના નિવાસ્થાને પરત ફર્યા હતા.

## પરિણામ બાદ ચાની કીટલીએ ચુસ્કી મારતા શહેર ભાજપ પ્રમુખ



ગાંધીનગર, તા.૮
કોઈપણ મહત્વની ટુર્નામેન્ટમાં જ્યારે કોઈ ટીમ વિજેતા બને છે ત્યારે ટીમના સભ્યોની મહેનત સાથે કપ્તાનની કુનેહ અને યોગ્ય દિશા દોરવણી સાથે કપ્તાનને સમયસર લીધેલા અસરકારક નિર્ણયોની પણ મહત્વની ભૂમિકા હોય છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ ત્યારથી લઈને લગભગ છેલ્લાં દોઢ-બે માસથી ભાજપ ગાંધીનગર શહેર પ્રમુખ રુચિર ભટ્ટે "શબ્દો ઓછા અને કામ વધુ" જેવા સિદ્ધાંતને અપનાવી પોતાની ટીમ સાથે પાટનગરને સાંકળતી બંને બેઠકો પર ભવ્ય અને ઐતિહાસિક જીત મેળવવા આકરી મહેનત કરવામાં પાછી પાની કરી નહોતી જેનું વિજયી પરિણામ પ્રાપ્ત થવા પામ્યું છે. મત ગણતરીના દિવસે સાંજે જીત મેળવ્યાં બાદ પોતાના કાર્યકરો સાથે સેકટર-૧૬માં ઉત્તર બેઠકના ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયની બહાર રોડ સાઈડ કિટલી પર ચાની ચુસ્કી માણતાં માણતાં હળવાશ અનુભવી હતી.

# મને તો ખબર જ હતી મોદી મેજીક જ ચાલશે ...

### મોદી સામે કોઇ ના ચાલે... મોદી સાહેબ જ મતોનો વરસાદ કરતુ ઇવીએમ છે... ભાજપની શાનદાર જીતના અંતે શહેરના સેકટરો અને જાહેર સ્થળોએ મોદી મેજીક દિવસ દરમિયાન ટોક ઓફ ધ ટાઉન રહી..

ગાંધીનગર તા ૮
મને તો ખબર જ હતી.. ભગવો લહેરાશે...મોદી મેજીક સામે કશુ ના ચાલે...મોદીજી જ મતોનો વરસાદ કરતુ ઈવીએમ છે...કોંગ્રેસ તો કયાંય ચિત્રમાં જ ન હતુ...વિકાસની રાજનિતીને જ વોટ મળે...ભરોસો ભાજપ કરતા પણ વધુ મોદી ઉપર ... વગેરે મુદ્દાઓ આજે ભાજપની ઐતિહાસિક જીતને સમર્થન આપતા ચર્ચા સ્થાને રહ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં પણ ઉત્તરની બેઠક પર જંગી બહુમત સાથે ભાજપે વિજય હાંસલ કર્યો છે. જયારે પાંચેય બેઠકો ભાજપના પોકેટમાં જતા પરિણામની પુર્વ સંધ્યાએ નોખી અનોખી ચર્ચા સાથે તરેહ તરેહના તર્ક વિતર્કો રજુ કરતા રાજકીય પંડીતનો મોઢે પણ તાળા વાગી ગયા છે. દિવસ દરમિયાન સેકટરોની સોસાયટીઓ થી માંડી પાનના ગલ્લા અને જાહેર સ્થળોએ ચુંટણી પરિણામ ટોક ઓફ ધ ટાઉન રહ્યા હતા. ગુજરાત વિધાનસભાની ચુંટણીનુ આજે પરિણામ જાહેર થતા ચારેકોર મોદી મેજીકની ચર્ચા થઈ રહી હતી. વિધાનસભાની ચુંટણી કાલ સુધી રસપ્રદ માલુમ પડતી હતી જયારે એક તરફી પરિણામ જાહેર થયા બાદ રાજકીય તજજ્ઞો માટે હવે મોદીની લોકચાહના સ્વીકારવા સિવાય કોઈ ચર્ચા માટે પણ વિશેષ મુદ્દો રહ્યો નથી. કોંગ્રેસની કારમી હાર પાછળ દોષનો ટોપલો આમ આદમી પર ઢોળવામાં આવી રહ્યો છે. ત્યારે પોતાની જીતનો ગાજી ગાજીને દાવો કરતા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો પરાજય માટે કયુ કારણ આપવુ તે માટે પણ માથુ ખંજવાળી રહ્યા છે. એકતરફ આમ આદમી પાર્ટીના લીધે ઘણી બેઠકો પર પરિણામ પ્રભાવિત થયુ હોવાની ચર્ચા છે ત્યારે મોટાભાગની બેઠકો પર ભાજપે ભારે લીડથી જીત હાંસલ કરી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા કોંગ્રેસના વોટ આપના લીધે કપાયા હોવાનો સુર પણ શમી ગયો છે. ચુંટણી પરિણામની પુર્વ સંધ્યાએ પણ રાજકીય પક્ષોના ઉમેદવારો પોતાની જીતનો પ્રબળ દાવો કરતા હતા ત્યારે આજે જાહેર થયેલા પરિણામના અંતે ભાજપની ઐતિહાસિક જીતે ભલભલા રાજકીય પંડિતોના ગણિતને પણ ઉંધા વાળી દીધા છે. ચુંટણી પરિણામ જાહેર થતા આજે ગાંધીનગરમાં પણ સવારથી જ નાગરિકોમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની હતી. વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી પણ મેદાને ઉતરતા ત્રિપાંખીયો જંગ હોવાના અનુમાન સાથે ચુંટણી દરમિયાન રાજકીય ગરમાવો પણ ચરમસીમાએ જોવા મળ્યો હતો. જેના લીધે પરિણામ શુ આવશે તે જાણવા માટે સવારથી જ કોઈ મોબાઈલ ઓન કરીને તો કોઈ ટી વી સામે ગોઠવાઈ ગયા હતા. સવારે ચુંટણી પરિણામ જાહેર થતા જ પ્રારંભિક દૌરમાં રીઝલ્ટ રસાકસી ભર્યુ રહેશે તેમ લાગતુ હતુ. પરંતુ જેમ જેમ મતગણતરી આગળ વધતા ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ સહીત દહેગામ માણસાની બેઠક પર ભાજપના ઉમેદવારની જીત નિશ્ચિત થતી સ્પષ્ટ થતી નજરે પડી હતી. જયારે કલોલ બેઠકના પરિણામ સંદર્ભે થોડા સમય માટે રસાકસીનો માહોલ જોવા મળ્યો હતો જો કે મત ગણતરીના અંતિમ રાઉન્ડ સુધીની ગણતરીમાં કલોલ બેઠક પણ ભાજપે કબજે લીધી હતી. સવારે મતગણતરીની શરૂઆત સાથે જ રાજકીય પંડિતો પણ તરેહ તહેરની ચર્ચા કરતા નજરે પડતા હતા. જો કે પરિણામ બાદ તેમનો સુર અને મિજાજ નાટકીય રીતે બદલાઈ ગયો હતો. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર ભાજપે જીત હાંસલ કરી છે.

વિધાનસભાની ચુંટણીમાં મતદાનની પ્રક્રીયા બાદ અનેક અટકળો, દાવાઓ અને આગાહીઓ કરતા રાજકીય પંડિતો પણ ઘરમાં પુરાઈ ગયા હતા. રાજયના પરિણામોની સાથે ગાંધીનગર ઉત્તર અને જિલ્લાની અન્ય ચાર બેઠકોના રુઝાન અંગે સતત તારણો અને કારણો રજુ કરતા પંડિતોના મોઢે તાળા વાગી ગયા હતા.

### ૬૦૦ બેડની હોસ્પિટલના ત્રીજા માળે

## લીફટની બાજુમાં ઈલેકટ્રીક રૂમમાં આગ લાગી

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર શહેરની સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં ત્રીજા માળે આઈસીયુ વોર્ડની બહાર આવેલી લીફટની બાજુમાં આવેલા ઈલેકટ્રીક રૂમમાં અચાનક શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે મળતી માહિતી મુજબ હોસ્પિટલમાં રહેલા ફાયર જવાનોને આગની જાણ થતા તેઓએ સ્થળ પર પહોંચી તાત્કાલીક આગ પર કાબુ મેળવી લીધો હતો.જો કે આગની ઘટનાને પગલે થોડીવાર માટે દર્દીઓ તેમજ સગાઓ ગભરાઈ ગયા હતા. બનાવની જાણ થતા સિવિલના સત્તાધિશો તેમજ ઈલેકટ્રીક વિભાગના અધિકારી-કર્મચારીઓ પણ તાત્કાલીક દોડી આવ્યા હતા. જયારે શોર્ટ સર્કિટને પગલે વાયરીંગમાં નુકશાન થયુ હોવાથી તે રીપેરીંગ પણ કરી દીધુ હોવાનું જાણવા મળ્યું છે.



ચૂંટણીના પરિણામોના કારણે નાના ફેરીયાઓને રોજગારી મળી ગઈ હતી. મોટાભાગે હોળી-ધૂળેટીના તહેવારો દરમ્યાન વેચાતો ગુલાલ ચૂંટણીના પરિણામના દિવસે ખુબ વેચાયો હતો. જીતનો જશ્ન મનાવતા કાર્યકરોએ ખૂબ ગુલાલ ખરીદ્યો હતો અને જીતેલા ઉમેદવારોની સાથે જીતનો જશ્ન મનાવ્યો હતો. આજે શહેરમાં ઠેર ઠેર ગુલાલ વેચાતા નજરે ચઢ્યો હતો.

## મતગણતરી કેન્દ્ર બહાર ચા-નાસ્તાની લારીઓનો ખડકલો



ગાંધીનગર, તા.૮
શહેરના સેકટર-૧૫ સ્થિત મતગણતરી કેન્દ્રની આસપાસ વહેલી સવાર થી જ ચા-નાસ્તાની લારીઓનો ખડકલો થઈ ગયો હતો. જયારે મતગણતરી કેન્દ્ર ખાતે હજ્જારો કાર્યકરો આવી પહોંચતા ચા-નાસ્તાના વેપારીઓને ભારે તડાકો રહ્યો હતો.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભાની મતગણતરી કેન્દ્ર સેકટર-૧૫ ખાતે હોવાથી વિવિધ પાર્ટીના આગેવાનો, હોદેદારો અને કાર્યકરો મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા. જયારે મતગણતરી કેન્દ્ર ખાતે ચા-નાસ્તાની લારીઓ ગોઠવાઈ ગઈ હતી.જેમાં ગોટા, પાણીપુરી, છોલે ભટુરે, પૌંવા, દાબેલી,વડાપાવ, પફ, સોડા, પાણીની બોટલ વેચતા પણ વેપારીઓ નજરે પડ્યા હતા. જયારે વહેલી સવાર થી કાર્યકરો આવ્યા હતા અને બપોર સુધી મતગણતરી શરુ હોવાથી કાર્યકરો નાસ્તાની લારીઓ તરફ વળ્યા હતા.જેને પગલે નાસ્તાની લારી ધારકોને તડાકો રહ્યો હતો. જયાં ઓછી ભીડ હોય તે લારી પર નાસ્તો કરતા કાર્યકરો નજરે પડ્યા હતા. ગાંધીનગરની પાંચ વિધાનસભામાં ત્રિ-પાંખીયો જંગ જામ્યો હતો.તે ઉપરાંત અપક્ષ ઉમેદવારો હોવાથી કાર્યકરો હજ્જારોની સંખ્યામાં આવી પહોંચતા દુર દુર સુધી નજર પડે ત્યાં સુધી કાર્યકરો નજરે પડતા હતા. જયારે મોટીમાત્રામાં કાર્યકરો આવી પહોંચતા વેપારીઓને પણ ચા-નાસ્તામાં ભારે તેજી જોવા મળી હતી.

## ફુલહાર અને ગુલાલના વેપારીઓ ગોઠવાયા



ગાંધીનગર, તા.૮
સેકટર-૧૫ મતગણતરી કેન્દ્ર બહાર ફુલહાર અને ગુલાલના વેપારીઓ ગોઠવાઈ ગયા હતા.

વિજેતા ઉમેદવાર જે ગેટ થી બહાર આવી રહ્યા હતા તે સ્થળ પર જ વેપારીઓ બેઠા હતા. જેથી કાર્યકરો વિજેતા ઉમેદવારોને ફુલહાર પહેરાવી ગુલાલ ઉડાડતા નજરે પડ્યા હતા. બપોરના સમયે મતગણતરી કેન્દ્ર બહાર ગુલાલમય વાતાવરણ સર્જાયુ હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧